**જયશ્રી દેવાંગન, આઇ.એ.એસ.**
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સમગ્ર શિક્ષા
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૯૬૩૨૪૧૩
E-mail : aspdssaguj@gmail.com
Toll Free Mo. : 1800-233-1965

ક્રમાંકઃ SSA/MIS/2021/ ૨૨૪૯૯-૪૭૯ તા.૨/૦૭/૨૦૨૧

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
જિ. તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ

(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષયઃ **ધોરણ ૧ થી ૧૨ના તમામ વિષયોને આવરી લઇ તૈયાર કરાયેલ "G-Shala (Gujarat Students' Holistic Adaptive Learning App)"ના પ્રચાર-પ્રસાર અને ઉપયોગ બાબતે**

સંદર્ભઃ અત્રેની કચેરીની તા.૨૧/૦૬/૨૦૨૧ની નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજૂરી

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સમગ્ર શિક્ષા, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૧ થી ૧૨ના વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહો સહિતના તમામ વિષયો માટેના ઇ-કન્ટેન્ટ સાથે માટે એક લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (LMS) - "G-Shala (Gujarat Students' Holistic Adaptive Learning App)" તૈયાર કરવામાં આવેલ છે.

સદર ઇ-કન્ટેન્ટ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ મુજબ ગુજરાતી માધ્યમમાં વિકસિત થયેલ છે. જેમાં 2D-3D એનિમેટેડ વિડીયો, સંદર્ભ / પૂરક સામગ્રી, મૂલ્યાંકન માટેની પ્રશ્નબેંક, ડિજીટલ સ્વરૂપે પાઠ્યપુસ્તક (ઇ-બુક), શબ્દ સંગ્રહ, શિક્ષકો માટે પૂર્વ વર્ગખંડ મોડ્યુલ, હોમવર્ક મોડ્યુલ અને વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિ માપન ડેશબોર્ડ જેવી સુવિધા છે. આ ઉપરાંત, સમગ્ર ઇ-કન્ટેન્ટ અધ્યયન નિષ્પત્તિ આધારિત છે, જેમાં વિદ્યાર્થીઓને ઇન્ટરેક્ટિવિટી, પ્રાયોગિક સિમ્યુલેશન અને સ્વતંત્ર રીતે સ્વ-અધ્યયન તેમજ સ્વ-મૂલ્યાંકનની સાથે સાથે પોતાની શૈક્ષણિક પ્રગતિની સમીક્ષા કરી તેમાં સુધારો કરવાની પૂરતી તકો મળી રહે છે.

વ્યાપક પ્રચાર-પ્રસાર થકી રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને G-Shala એપના માધ્યમથી જોડવા માટે નીચેની સૂચના મુજબ જરૂરી કામગીરી અને સંકલન કરાવવાનું રહેશે:

1. લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ G-Shalaનો વેબ બેઝ્ડ એપ્લીકેશન અને મોબાઇલ એપ એમ બંને રીતે ઉપયોગ થઇ શકશે:
   વેબ બેઝ્ડ એપ્લીકેશન માટેની લિંક: https://gshala.schoolnetindia.com
   મોબાઇલ એપ ડાઉનલોડ કરવા માટેની લિંક:
   https://play.google.com/store/apps/details?id=com.org.g_shala
2. G-Shala મોબાઇલ એપ Google Play Store પર ઉપલબ્ધ છે, Play Storeમાં G-Shala લખી સર્ચ કરવાથી પણ મળી રહેશે.
3. લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ G-Shalaની રજીસ્ટ્રેશન (સાઇન અપ પ્રોસેસ) પ્રક્રિયાના પગલાઓ આ સાથે સમેલ રાખી મોકલી આપવામાં આવે છે. જેને અનુસરી તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાઇન અપ પ્રોસેસ સફળતાપૂર્વક કરી શકે તે માટે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપશો.
4. G-Shala એપમાં વિદ્યાર્થીઓએ કઈ રીતે લોગ ઈન થવું અને કઈ રીતે ઉપયોગ કરવો તેનો વિડીયો જોવાની લિંક
   https://youtu.be/19sQ7ror7gA
5. શિક્ષક અથવા વિદ્યાર્થી રજુસ્ટ્રેશન (સાઇન અપ) દરમિયાન, ૧૮ અંકનું ચાઇલ્ડ યુનિક આઈડી (વિદ્યાર્થી દ્વારા સાઇન અપ માટે) અને ૦૮ અંકનો ટીચર કોડ (શિક્ષક દ્વારા સાઇન અપ માટે) ફરજિયાત રાખવામાં આવેલ છે. સાઇનઅપ પ્રક્રિયાથી, G-Shalaમાં લોગીન માટે User Name અને પાસવર્ડ સેટ કરી શકાશે.
6. G-Shala એપ રજીસ્ટ્રેશનમાં ચાઇલ્ડ યુનિક આઈડી અને ટીચર કોડની અગત્યતા જોતાં ચાઇલ્ડ ટ્રેકિંગ સીસ્ટમ – Aadhaar Enable DISE અંતર્ગત તમામ વિદ્યાર્થીઓની માહિતી અને ટીચર પોર્ટલ અંતર્ગત તમામ શિક્ષકોની માહિતી (વિષય અને વર્ગ મેપિંગ સહિત) અપડેટ થયેલ હોય તે સુનિશ્ચિત કરશો.
7. આપના તાબા હેઠળની તમામ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને G-Shala એપ, તેના ઇન્સ્ટોલેશન, રજીસ્ટ્રેશન (સાઇન અપ પ્રોસેસ) અને ઉપયોગિતા વિશે સંપૂર્ણ માહિતગાર કરશો.
8. આ એપમાં હાલમાં ધો.૧૦ સુધીનું ઇ-કન્ટેન્ટ ઉપલબ્ધ છે. ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ માટે પણ ટૂંક જ સમયમાં ઈ-કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
9. હાલમાં આ એપ સરકારી અને ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે જ ઉપલબ્ધ છે .

ઉપરોક્ત વિગતે, વિદ્યાર્થીઓની અધ્યયન પ્રક્રિયા અવિરતપણે ચાલતી રહે તે માટે લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ G-Shala મારફત કરવામાં આવેલ આ પ્રયાસથી તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો લાભાન્વિત થઇ શકે તે માટે આપની કક્ષાએથી જરૂરી માહિતીનો પ્રસાર, સમીક્ષા અને સંકલન કરવા આપશ્રીને સૂચિત કરવામાં આવે છે.

( જયશ્રી દેવાંગન )

# G-Shala એપમાં શિક્ષકોએ કઈ રીતે લોગ ઈન થવું

(૧) સૌ – પ્રથમ આપ પ્લે સ્ટોરમાંથી G - SHALA એપ્લિકેશન ડાઉનલોડ કરો

(૨) ત્યારબાદ એપ્લિકેશન ઓપન કરો અને સૌથી નીચે આપેલ બટન (સાઈન અપ) પર ક્લિક કરો

(૩) હવે તમારી ભુમિકા (શિક્ષક) પસંદ કરો

(૪) ત્યારબાદ નીચે તમારો શિક્ષક કોડ (૮ અંકનો SSA ટીચર પોર્ટલ / એટેન્ડન્શ પોર્ટલ મુજબનો કોડ) પસંદ કરો

(૫) હવે તમારો મોબાઇલ નંબર એન્ટર કરો (જે નંબર એન્ટર કરેલ હશે તે નંબર પર OTP) આવશે

(૬) હવે નીચે બે ખાનામાં તમારે પાસવર્ડ સેટ કરવાનો છે (બંને ખાનામાં સરખો પાસવર્ડ સેટ કરવાનો છે)

(૭) ત્યારબાદ સૌથી નીચે આપેલ સાઈન અપ પર ક્લિક કરશો એટલે તમે એન્ટર કરેલ મોબાઇલ નંબર પર એક ૪ અંકનો OTP આવશે જે તમારે એન્ટર કરવાનો છે

(૮) હવે તમને અભિનંદન લખેલ એક ડિસ્પ્લે મેનુ આવશે જેનો મતલબ તમે રજીસ્ટ્રેશન સંપૂર્ણ કરેલ છે તેવો થાય છે

(૯) હવે ફરીથી તમારે મોબાઇલ નંબર અને તમારો પાસવર્ડ એન્ટર કરશો એટલે તમારી એપ્લિકેશન શરુ થઈ જશે

# G-Shala એપમાં વિદ્યાર્થીઓએ કઈ રીતે લોગ ઈન થવું

G-Shala App આપના મોબાઈલમાં ચાલુ કરવા સૌપ્રથમ google Play storeમાં જઈ G-Shala નામની App સર્ચ કરતાં G-Shala App આવશે.

https://play.google.com/store/apps/details?id=com.org.g_shala

જે આપના મોબાઈલમાં ઈનસ્ટોલ કરી App રન કરતાં. સૌપ્રથમ એમા નવા યુઝર્સે Sign upમાં જઈ તમારી માંગેલ વિગત આપો.




માંગેલ સ્ટુડન્ટ આઈડી જાણવા માટે એની નીચે આપેલ Link પર ક્લિક કરતાં આ રીતે સ્ક્રીન જોવા મળશે. જેમાં જરૂરી વિગતો આપી આપનો ID જાણી શકશો.




ત્યારબાદ પાસવર્ડ પસંદ કરી Sign Up કરતાં OTP આવશે. જે આપેલ મોબાઈલ નંબર પર SMS આવશે. હવે OTP આપતા આ સ્ક્રીન આવશે જ્યાં ID તથા પાસવર્ડ નાંખી આપની ભૂમિકા પસંદ કરી Login કરવું.



GUJARAT
EDUCATION
TECHNOLOGIES

TECHNOLOGY DRIVEN LEARNING

G-Shala beta

Gujarat Students' Holistic Adaptive
Learning App

Logged in Page




Click on this section

# Grade Selection




Click on your grade

* All Charges are per student per year

# Subject Selection




Click on your subject

* All Charges are per student per year

# Chapter Selection




Click on the chapter

* All Charges are per student per year

# Video Selection




Click on the Video

# Video Play




* All Charges are per student per year

# Logout

Click on the Profile




Click to logout

# THANK YOU

જા.નં./RMSA/૨૦૨૧/ 8601

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત
Web Site:www.deosurat.gov.in
E-mail:suratdeo@gmail.com
Phone No.0261-2662903
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા. ૦૫/૦૭/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને બિનસરકારી અનુદાનિત
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ...
સુરત, જિ.સુરત

૨/- અમલ તથા જરૂરી કાર્યવાહી સારું.

(એચ એચ રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત